શુકન સ્કાયનો બિલ્ડર રમેશ પટેલ પાંચ દિવસના રીમાન્ડ પર

ફ્લેટની સ્કીમ ગીરો મૂકી રૂ. ૩૨.૫૦ કરોડની લોન લઈ ચીટીંગ કરવામાં કોની કોની સંડોવણી? તપાસ ચાલુ કરી

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર નજીકના કુડાસણ ખાતે શુકન સ્કાય નામની ફ્લેટની સ્કીમ બનાવ્યા બાદ તેના બિલ્ડરો એ ગ્રાહકોને ફ્લેટો વેચી માર્યા પછી આખી સ્કીમની જગ્યા મૂકી તેના પર રૂ.૩૨.૫૦ કરોડની લોન લઈ લેતા બિલ્ડરો સહીત ૧૦ જણા સામે એલ.સી.બીમાં છેતરપીંડી અંગે શુકન સ્કાયના ફ્લેટ ધારકની ફરિયાદને આધારે ગુનો નોંધાયો છે. એલ.સી.બી પી.આઈએ મુખ્ય સુત્રધાર બિલ્ડર રમેશ રેવા પટેલની ધરપકડ કરી લીધી વધુ પૂછપરછ માટે ૧૪ દિવસના રીમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજુ કરતા કોર્ટે પાંચ દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે.

ગાંધીનગર પાસે આવેલા કુડાસણ ખાતે શુકન ગ્રુપ દ્વારા તૈયાર કરવામાં આવેલી શુકન સ્કાય રેસીડેન્સી સ્કીમમાં બનેલા ૪૮૦ મકાનો પૈકી ૪૩૦ જેટલા મકાનોના બુકિંગ બાદ ગ્રાહકોને પઝેશન પણ આપી દેવાયા અને બેંક ક્લીયરન્સ થી માંડીને તમામ જરૂરી પુરાવાઓ સોંપી દેવાયા હતા. તે દરમ્યાન શુકન સ્કાય ગ્રુપ ના ભાગીદાર રમેશ રેવાભાઈ પટેલ તથા ભારત રણછોડભાઈ પટેલ દ્વારા આ સ્કીમ પર કોઈ પણ રીતે એસ.બી.આઈ બેંક પાસેથી વર્ષ ૨૦૧૨ માં રૂ.૩૨.૫૦ કરોડ ની લોન ઉપાડી લેવામાં આવી હોવાનું ધ્યાને આવતા તમામ ફ્લેટ ધારકો બિલ્ડર રમેશ પટેલ પાસે ગયા હતા. તમામ ને ધમકાવીને કાઢી મુક્તા શુકન સ્કાયના ફ્લેટ માલિક રશ્મીકાંત રજનીકાંત બારોટે આ મામલે સીટ,એલ.સી.બી,ગાંધીનગર એસ.પી તથા સ્થાનિક પી.આઈ ને ફરિયાદ કરી હતી. જેને પગલે આ -કરણમાં ભાગીદાર રમેશ રેવાભાઈ પટેલ, રોમિલ રમેશ પટેલ, ભાનુબેન રમેશભાઈ પટેલ ધીરેન -હલાદ પટેલ, ભારત રણછોડ પટેલ, નટવર નાથાલાલ પટેલ તથા ગેરકાયદે લોન પાસ કરનાર બેંક અધિકારી સહીત ૧૦ જણા સામે છેતરપીંડી અને વિશ્વાસઘાત નો ગુનો નોંધી એલ.સી.બી એ તપાસ શરુ કરી છે. દરમ્યાન મુખ્ય સુત્રધાર બિલ્ડર રમેશ રેવા પટેલની એલ.સી.બી ની ટીમે ધરપકડ કરી ઝીણવટભરી તપાસ છે.

ગાંધીનગરને ચોખ્ખું રાખવા કચરાના નિકાલ માટેની સિસ્ટમ અમલમાં છે જેના કારણે શહેરને સ્વચ્છ તેમજ રોગમુક્ત રાખવામાં મદદ મળે છે. આ સિસ્ટમમાં વપરાતા સાધન સામગ્રી અને વાહનોની સાર સંભાળ અંગે ઘણી બેદરકારી રાખવામાં આવે છે જેના કારણે ઘણીવાર કચરો એકઠો કરીને લઈ જતા વાહનો પાછળ આખા રસ્તે કચરો વેરતા અને દુર્ગંધ ફેલાવતા જતા હોય છે અને પાછળ આવતા વાહનચાલકોને માટે મોટી પરેશાની પણ સર્જતા હોય છે. આજે સફાઈ કાર્યમાં વપરાતું એક ટ્રેલર ત્રણ નંબરના રોડ પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે ગ-૩ના સર્કલ પર ચઢી ગયું હતું અને તેની મુખ્ય ધરી તુટી ગઈ હતી. ચાલકને પુછતા જવાબ મળ્યો કે, 'છેલ્લા કેટલાય દિવસથી આ ટ્રેલર હું એક જ નટ-બોલ્ટ પર ટકેલી ધરીથી ચલાવી રહ્યો છું, ઘણી વાર રજૂઆત કરી પણ કોઈએ ધ્યાન આપ્યું નહીં, છેવટે આજે તુટી ગઈ એટલે મારું બેલેન્સ રહ્યું નહીં.' ચાલો આ અકસ્માતમાં કોઈને ઈજા નથી થઈ એટલું સારું છે.

(તસવીર : સમીર રામી)

ગાંધીનગરના પડતર પ્રશ્નો અંગે જાગૃત નાગરિક પરિષદની રજૂઆત

ગાંધીનગર, તા. ૨૮

મહાનગર પાલિકાના કમિશ્નરના રૂબરૂમાં જાગૃત નાગરિક પરિષદે પાટનગરના સંબંધિત પ્રશ્નો અંગે આક્રોશપૂર્ણ રજૂઆતો કરી હતી. ૩ વર્ષ થવા છતાં પાટનગરમાં સફાઈની પદ્ધતિસરની વૈજ્ઞાનિક રીતથી ચોક્કસ વ્યવસ્થા ગોઠવી શકાઈ નથી. પાણીપૂરી ખૂંમચાવાળા- શેરડીના રસવાળા, આરોગ્યને નૂકશાન પહોંચાડતી હરકતો સામે મહાનગરપાલિકા તંત્રની નિષ્ફળતા દેખાય છે. સેકટર-૭નાં શોપિંગ સ્થળ ઉપર શાકભાજીવાળાઓ, પાનગલ્લાઓ, મોબાઈલ શોપવાળા, બેકરીવાળા દ્વારા સરકારી જમીનનું દબાણ કરવા ઉપરાંત ગંદકી ફેલાવે છે. તેની ફરિયાદો કરવા છતાં પગલાં ભરવામાં તંત્રની મીલીભગત સ્પષ્ટ જણાય છે. બગીચાની ફરતી જાળીઓને અડીને એકઠો થયેલો કચરો, રખડતાં ઢોરોના પ્રશ્નની હાડમારી દૂર કરવામાં નિષ્ફળતાના કમિશ્નરશ્રીએ સંતોષકારક જવાબો આપ્યા હતા. ચર્ચા દરમ્યાન મહાનગરપાલિકાનું તંત્ર ચેતનવંતું બનાવવાની જરૂરીયાતની ચર્ચા કરી હતી. પાટનગરમાંના વયસ્કોની મીટીંગો બોલાવતાં રહીને વ્યવસ્થા તંત્ર મજબૂત કરવા નિર્ણય લેવાયેલ છે. લવજીભાઈ વાડીયાની આગેવાની હેઠળ પ્રતિનિધિમંડળમાં ભાનુભાઈ પુરાણી, રાજેન્દ્રભાઈ પારેખ, નિરંજનભાઈ ઓઝા, જયંતભાઈ ભટ્ટ, રમણલાલ શ્રીમાળી, સોમાભાઈ પરમાર, દશરથભાઈ પરમાર, વગેરે હાજર રહ્યા હતા અને અસરકારક રજૂઆતો કરી હતી તેમ જયંતભાઈ ભટ્ટ, પૂર્વ ઉપપ્રમુખ ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે જણાવેલ છે.

શહેર વસાહત મહામંડળે સંત સરોવરના શ્રમિકોને પગરખાનુ વિતરણ કર્યુ

સાબરમતી નદી ઈન્દ્રોડા પાસે સંત સરોવરનું નિર્માણ થઈ રહ્યું છે. જ્યાં ૬૦૦ થી વધારે શ્રમિકો કામ કરી રહ્યા છે. ત્યારે આ શ્રમિકો અને તેમના બાળકોને ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા પગરખા વિતરણ કરવામાં આવ્યા હતા. શહેર વસાહત મંડળ દ્વારા ૧૯૯૧ થી અવિરત ઉનાળામાં ચરમસેવા કરી રહ્યુંછે. અને અત્યાર સુધી ૨,૪૫,૦૦૦ શ્રમિકોને અને ૩૯ શાળાના ૨૧,૫૦૦ બાળકોને વિના મૂલ્યે પગરખા આપવાનું સેવાકીય કાર્ય કરવામાં આવ્યું છે. આ સેવાકીય કાર્યમાં મંડળના પ્રમુખ અરૂણ બૂચ, મયુર વ્યાસ, બી.એમ. શુકલ, શશીકાન્ત મોઢા, સુધીર દેસાઈ, નિલેન્દુ વોરા, નિસર્ગ બૂચ, દીરૂભાઈ નિસરતા દ્વારા સેવા આપવામાં આવી રહી છે.

શહેરના સે-૨માં વધુ એક મહિલા ચેઈન સ્નેચરનો ભોગ બની

સફેદ એક્ટીવા પર ડબલ સવારી આવેલા શખ્સો દોઢ તોલાનો દોરો આંચકીને પલાયન

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર શહેરમાં ચેઈન સ્નેચર્સનો આતંક વધવા લાગ્યો છે. પહેલા પલ્સર બાઈક પર આવીને ચેઈન સ્નેચિંગ કરીને તત્વો ભાગી જતા હતા. પોલીસે પલ્સર બાઈક પર બોલાવેલી દ્યોસ બાદ હવે ચેઈન સ્નેચરોએ મોડસ ઓપરેન્ડી બદલી છે. હવે એક્ટીવા પર આવીને ચેઈન સ્નેચિંગ કરી ફરાર થઈ જવા લાગ્યા છે. ગઈ કાલે સાંજે સે.૭ માં રહેતી મહિલા સે.૨ માં પોતાનું કામ પતાવીને ઘર તરફ પરત ફરી રહી હતી તે દરમ્યાન એક્ટીવા પર ડબલ સવારી આવેલા શખ્સોએ તેણીના ગળામાં હાથ મારીને દોઢ તોલા વજનનો સોનાનો દોરો આંચકી લીધો હતો અને પળવારમાં ફરાર થઈ ગયા હતા. મહિલાની ફરિયાદને આધારે સે.૭ પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.

શહેરના સેક્ટર-૭ બી પ્લોટ.નં.૬૯૯/૧ ખાતે રહેતી મહિલા શારદાબેન ભીખુભાઈ વાઢેર ગઈ કાલે સમી સાંજે ઘરેથી સેક્ટર-૨ ખાતે ગયા હતા. કામ પતાવીને તેઓ ઘરે પરત ચાલતા ચાલતા આવી રહ્યા હતા તે દરમ્યાન સે.૨ ના આંતરિક માર્ગ પર સફેદ એક્ટીવા પર આવેલા બે અજાણ્યા યુવાન શખ્સો તેમની નજીક આવ્યા અને એક્ટીવા ધીમું કરીને શારદાબેનના ગળામાં હાથ મારીને દોઢ તોલા વજનનો રૂ.૪૦ હાજર ની કિંમતનો સોનાનો દોરો ખેંચી લીધો હતો અને એક્ટીવા લઈને ભાગ્યા હતા. મહિલાએ બુમાબુમ કરતા સ્થાનિકોનું ટોળું ભેગું થઈ ગયું હતું પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચરો રફૂચક્કર થઈ ગયા હતા.સે.૭ પોલીસે આ અંગે ગુનો દાખલ કરીને તપાસનો દોર શરુ કર્યો છે.

ગાંધીનગરમાં ગંદકી અને ગટરનું ગ્રહણ સતત વર્તાય છે. ક્યાંક ગંદકી વધે છે તો ક્યાંક ગટર ખુલ્લી હોય છે. પ્રજાને માથે તો હાલાકી છે છે ને છે જ.. 'ચ-૨' રોડ પર આ ખુલ્લી ગટર આવેલી છે તે ગમે ત્યારે અકસ્માત નોંતરી શકે છે. પછી તંત્ર દોડશે...

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરના તબીબો મતદાન કરનાર મતદાતાને એક મહિનો ફીમાં ૫૦ ટકા રાહત આપશે

ગાંધીનગર, તા.૨૮

લોકસભાની ચુંટણીમાં ગાંધીનગરના મતદારો મતદાન કરશે તે મતદાતાઓને એક મહિના સુધી નગરના ડોકટરો દ્વારા કન્સલ્ટીંગ ફીમાં ૫૦ ટકાની રાહત અપાશે.

લોકસભાની ચૂંટણી એ એક રાષ્ટ્રીય મહાપર્વ છે. આ મહાપર્વમાં સૌ કોઈએ જોડાવવું જોઈએ. આ અભિયાનમાં ઈન્ડીયન મેડીકલ એસોસિએશન ગાંધીનગર એકમ દ્વારા પણ સહયોગ પુરો પાડવામાં આવ્યો છે.

રૂદ્રાક્ષ હોસ્પિટલ નરોડા અને ગાંધીનગરના તબીબો દ્વારા જે મતદાતાઓ ૩૦ એપ્રિલના રોજ મતદાન કરશે તેવા મતદાતાઓને તા. ૩૦ એપ્રિલથી તા. ૩૧ મે, એક મહિના સુધી દર્દીઓને કન્સલ્ટીંગ ફીમાં ૫૦ ટકા અને દવાઓ, લેબોરેટરી તપાસમાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટ આપશે.

રાજયમાં કુલ ૧૮૬૪૬૦ લોકોની અટકાયત કરાઈ છે

અમદાવાદ,તા. ૨૮

ગુજરાત ચૂંટણી પંચે ગુજરાતમાં શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા માટે હજુ સુધી ૧૮૬૪૬૦ લોકોની અટકાયત કરી છે. મતદારોમાં દહેશતને દુર કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી ચુક્યા છે. રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં જણાવાયું છે કે સ્થાનિક પોલીસની મદદથી આ તમામની અટકાયત કરવામાં આવી છે. નિવેદનમાં જણાવાયું છે કે અટકાયતમાં લેવામાં આવેલા લોકોમાં અમદાવાદ જિલ્લામાંથી ૧૯૧૬૪ લોકોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ૨૬ બેઠકો માટે ૩૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે. ચૂંટણીની જાહેરાત કરવામાં આવ્યા બાદથી નાગરિકોએ હજુ સુધી સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ૪૮૭૩૬ લાયસન્સવાળા હથિયારો જમા કરવામાં આવી ચુક્યા છે. કુખ્યાત શખ્સો પર ચાંપચી નજર રાખવામાં આવી રહી છે. રાજય પોલીસ દ્વારા જેમની સામે બિન જામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યું છે તેવા લોકો પણ આમા સામેલ દેખાઈ રહ્યા છે. ચૂંટણી પંચ અન્ય રાજયોમાં ઉંચુ અને શાંતિપૂર્ણ મતદાન થયા બાદ અહી પણ તમામ તૈયારી કરી ચુક્યું છે. ચૂંટણી પંચે કહ્યું છે કે, શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા તમામ પગલા લેવાઈ રહ્યા છે. ચૂંટણીની જાહેરાત કરવામાં આવ્યા બાદથી જ અસામાજિક તત્વો ઉપર નજર રાખવામાં આવી રહી છે. જે લોકોની ધરપકડ કરવામાં આવી નથી તેવા લોકોને પણ અટકાયતમાં લેવાના પ્રયાસ થઈ રહ્યા છે. અમદાવાદ જિલ્લામાં સૌથી વધારે એવા શખ્સો છે જે લોકોની હજુ અટકાયત થઈ શકી નથી. ગુજરાતમાં જુદા જુદા રાજ્યોમાં લાવવામાં આવેલો શરાબનો જથ્થો પણ કબજે કરાયો છે.

ખોરજ નર્મદા કેનાલમાંથી યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર

ગાંધીનગર-સરખેજ હાઈવે પર આવેલા ખોરજ વિસ્તાર પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક અજાણ્યા યુવાનનો પાણીમાં તરતો મૃતદેહ દેખાતા પટેલ વિશાલ મુકેશભાઈએ અડાલજ પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. જમાદાર ભીખાભાઈ તાબડતોબ કેનાલે પહોચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. આશરે ૩૦ વર્ષના મૃતક યુવાનની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. શરીરે મજબુત બાંધાના યુવાને શરીરે આસમાની શર્ટ અને કાળું પેન્ટ પહેર્યું છે. જમણા હાથે સ્ટીલનું કડું પહેર્યુંછે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને મોતનું કારણ બહાર લાવવા તથા તેની ઓળખ કરવા અને તેના વાલીવારસ શોધવા તજવીજ શરુ કરી છે.

આજે પંચદેવ મંદિરે સુંદરકાંડ પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨૨ પંચદેવ મંદિર ખાતે આજરોજ મંગળવાર સાંજે ૭.૦૦ થી ૧૦.૦૦ વાગ્યા દરમિયાન અમદાવાદના બાપા સીતારામ પરિવાર દ્વારા સંગીતમય સુંદરકાંડ પાઠ યોજવામાં આવશે. નગરના સર્વે ભાવિ ભક્તોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

દલિત મહિલાઓ અંગે ટિપ્પણી કરનાર બાબા રામદેવને જેલ ભેગો કરો : અનુસૂચિત જાતિ

રામદેવ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યા

ગાંધીનગર, તા. ૨૮

યોગ ગુરૂ બાબા રામદેવ દ્વારા તાજેતરમાં દલિત મહિલાઓ અંગે અભદ્ર ભાષામાં ટિપ્પણી કરી હતી. આ ટિપ્પણીથી દેશમાં દલિત સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ત્યારે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ અનુસૂચિત જાતિ દ્વારા બાબા રામદેવ વિરૂદ્ધ આક્રોશ વ્યક્ત કર્યો હતો.

બાબા રામદેવે રાહુલ ગાંધીને નિશાન બનાવવા માટે રાહુલ ગાંધી દલિતોના ઘરે પિકનીક કરે છે અને હનીમુન મનાવવા માટે જાય છે તેવી અભદ્ર ટિપ્પણી કરી હતી તેના વિરોધમાં સમગ્ર દેશના દલિતોએ વિરોધ નોંધાવી બાબારામદેવના પૂતળાનું દહન કર્યુ હતુ ત્યારે ગાંધીનગર જિલ્લા અનુસૂચિત જાતિ દ્વારા વિરોધ વ્યક્ત કર્યો હતો.

અનુસૂચિત જાતિ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે બાબા રામદેવ યોગ દ્વારા ઉત્કૃષ્ઠ માનવો બનાવવાનું કામ કરે છે ત્યારે નારી જાતિનુ અપમાન કરે તે શુ દેશ ને બનાવશે ? તેમજ રામદેવ દેશનું નિર્માણ કરવાની વાતો કરે છે પણ ગરીબોનું શોષણ કરે છે.

વકીલોને ભારે મતદાન કરવા લીગલ સેલની અપીલ

મતદાનની ટકાવારી ઉંચી લાવવા જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. ચુંટણી પંચ દ્વારા પણ આ વખતે ઘરે ઘરે સ્લીપનું વિતરણ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત શહેરની વિવિધ સરકારી કચેરીઓ પાસે પણ મતાધિકારની જાગૃતિ અંગે હોર્ડીંગ્સ લગાવવામાં આવ્યા છે. ભાજપ લીગલ સેલ દ્વારા પણ આજે કોર્ટના વકીલોને ભારે મતદાન કરવા

અપીલ કરવામાં આવી છે.

આકરી ગરમી વચ્ચે મતદાનની તારીખ આવી પડતા મતદાન મથકો પ્રભાવિત ન થાય તે માટે મતદાન જાગૃતિ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપરાંત રાષ્ટ્રીય પક્ષોએ પણ ઉચું મતદાન થાય તેવા પ્રયાસો હાથ ધર્યા છે. ભાજપ લીગલ સેલ દ્વારા પણ આજે કોર્ટના વકીલોને ભારે મતદાન માટે અપીલ કરવામાં આવી હતી. લીગસ સેલના કન્વીનર અતુલ પંડયા, સહ કન્વીનર અશ્વિન ત્રિવેદીએ વકીલોને મોટી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી છે.

સે-૨૯ના મકાનમાંથી ચોરાયેલા મોબાઈલ સાથે એક યુવાન ઝડપાયો

પરિવાર સુતું હતું ત્યારે પાછળના દરવાજેથી ઘૂસીને ચોરી થઈ હતી

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર શહેરના સે.૨૯માં અંજલી પેલેસ મકાનમાં વીસેક દિવસ પહેલા તસ્કરો ત્રાટક્યા હતા.પરિવાર આખું ગરમીને લીધે પાછળનો દરવાજો ખુલ્લો રાખીને સુઈ ગયું હતું ત્યારે તે ખુલ્લા દરવાજાથી ઘૂસીને મોબાઈલો અને રોકડા રૂપિયાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.આ ચોરીમાં ગયેલા મોબાઈલો પૈકી એક ચોરીના મોબાઈલ સાથે એક શખ્સને ગાંધીનગર એલ.સી.બી ની ટીમે ઝડપી પાડ્યા છે.તેણે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો હતો તે અંગે પોલીસે પૂછપરછ શરુ કરી છે.ચોર પકડાઈ જશે તેવી શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

સેક્ટર-૨૯ અંજલી પેલેસ ખાતે રહેતા મહેન્દ્રભાઈ વિરાજી પટેલ ૬ એપ્રિલે પોતાના ઘરે પરિવાર સાથે સુઈ ગયા હતા.તે રાતે ગરમી ખુબ હોવાથી પાછળનો દરવાજો ખુલ્લો રાખીને સુઈ ગયા હતા.તેનો લાભ લઈને તસ્કરો પાછળના દરવાજેથી મકાનમાં ઘુસ્યા અને પાંચ મોબાઈલો અને રોકડા મળીને ૨૯ હજાર નો મુદ્દામાલ ની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા.જેની ફરિયાદ સે.૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.ગઈ કાલે ગાંધીનગર એલ.સી.બી એ આ ચોરાયેલા મોબાઈલો પૈકી એક ચોરીના મોબાઈલ સાથે મોટા ચીલોડાના જયેશ ઈશ્વર રાવલને ઝડપી પાડીને ડી પૂછપરછ આરંભી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૦
સૂર્યાસ્ત : ૭.૦૪

તાપમાન

મહત્તમ : ૪૩.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૬ ટકા ● સાંજે ૧૩ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦, ૧૦.૦૦
રીવોલ્વર રાની : ૧૨.૪૫, ૬.૪૫
: સ્ક્રીન-૩ :
સન ઓફ ગોડ (અંગ્રેજી) : ૪.૩૦, ૭.૦૦
કાંચી : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫
કાંચી : ૨.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૫ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦, ૬.૩૦
રીવોલ્વર રાની : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
સમ્રાટ એન્ડ કો. : ૧૦.૦૦ ● કાંચી : ૧૦.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦ ● રીવોલ્વર રાની : ૧૨.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કાંચી : ૧૦.૧૫, ૧.૨૫, ૪.૩૫, ૧૦.૨૫
સમ્રાટ એન્ડ કો. : ૭.૪૫
: સ્ક્રીન-૨ :
રીવોલ્વર રાની : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
ભૂતનાથ રીટર્ન : ૫.૧૦
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૯.૦૦, ૧૨.૦૦
૨ સ્ટેટસ્ : ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રીવોલ્વર રાની : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૩૦
કાંચી : ૪.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
કાંચી : ૧૦.૧૫(સવારે), ૧૦.૧૫(રાત્રી)
સમ્રાટ એન્ડ કો. : ૧.૧૫, ૭.૧૫ ● રીવોલ્વર રાની : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટ્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦, ૭.૦૦

આપની આજ

મેષ : માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

વૃષભ : માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

મિથુન : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. ધાર્મિક કાર્યો થશે.

કર્ક : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ.કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

સિંહ : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

કન્યા : મહત્વાકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

તુલા : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

વૃશ્ચિક : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

ધન : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્યપૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

મકર : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

કુંભ : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

મીન : નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

ચિરવિદાય

- સ્વ. બાબુભાઈ ચતુરભાઈ પટેલ (ઉ.વ.૫૮) મુ.પો. મુબારકપુર, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. છાયાબેન તરૂણભાઈ દવે(ઉ.વ.૪૨) પ્લોટ નં. ૧૧૦૪/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. કાશીબેન રણછોડભાઈ પટેલ(ઉ.વ.૮૨) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ભગવતીપ્રસાદ પંથ (ઉ.વ. ૮૯) પ્લોટ નં. ૪૮૮, સેકટર-૧, ગાંધીનગર.